# ઉતારી સૌના અહેસાન ગયો છે, એક શખ્સ અહીંથી સરેઆમ ગયો છે!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

દલપતભાઈનું ઘર તો હતું મીયાંગામ કરજણના ગાંજણા માતાના મંદિર પાસેની શેરીમાં અને એમની કરિયાણાની દુકાન પણ ત્યાં રોડ પર જ હતી. સંતાન તો હતું નહીં એટલે પતિ-પત્ની બે જણા માટે એ નાનું ઘર પણ ઘણું મોટું હતું. એમની કરિયાણાની દુકાન બહુ સરસ ચાલતી હતી, એનું કારણ એની પાછળ દલપતભાઈનો પરસેવો રેડાયેલો એટલે અને એના પાયામાં એમની પ્રામાણિકતા હતી એટલે.

મૂળ તો દલપતભાઈનું વતન ધંધુકાની બાજુનું ગામ પડાણા. વસ્તી મહદઅંશે મુસ્લિમોની. ત્યાં એમનું બાપદાદા વખતનું ઘર પણ ખરું અને કરિયાણાનો ધંધો પણ ખરો. જો કે એમના પિતાના અવસાન પછી એમની માતાનું પણ અવસાન થયું અને દલપતભાઈ એકલા પડી ગયા.

પડાણા ગામના કેટલાક યુવાનો એક સાંજે એમના ઘેર ગયા.

"દલપતભાઈ," એઝાઝે એમને કહ્યું, "હવે તમે લગ્ન કરી લો તો સારું, એકલા એકલા ક્યાં સુધી રહેશો?"

"એઝાઝની વાત સાચી છે દલપતભાઈ," નાસિરે સૂર પુરાવ્યો, "તમારી ઉંમરનું આપણા ગામમાં કોઈ કુંવારું છે? અને તમારી પાસે પૈસા છે, ઘર છે, ધંધો છે, પછી તમને કન્યા માટે કોણ ના પાડવાનું છે?"

"બધી વાત સાચી," દલપતભાઈ બોલ્યા, "પણ ભૈ, વાડ વગર વેલો ન ચડે. મારા માટે આ લગ્નફગનની મહેનત કોણ કરે?"

"અરે આખું ગામ તમારી સાથે છે દલપતભાઈ," મુન્નો બોલ્યો, "અમે તમારા માટે કન્યા શોધીશું, બોલો, કબૂલ છે?"

"સાડી સાત વાર કબૂલ છે મુન્ના," દલપતભાઈ હસ્યા, "પણ આ કૈં ખેતર માટે દાદિયું શોધવાનું કામ નથી, ઘરવાળી શોધવાની છે, એટલે વિચારી જોજો."

"અમે વિચારીને જ કહીએ છીએ," ગુલાબશા બોલ્યો, "તમે હા પાડો એટલે અઠવાડિયામાં તમને ઘોડે ચડાવી દઈએ."

"જોજો હો," દલપતભાઈ બોલ્યા, "ઘોડે જ ચડાવજો, ગધેડે ન ચડાવતા!"

એમના ઓરડામાં હાસ્યની છોળ ઊડી.

એ રાત્રે દલપતભાઈ માટે કન્યા શોધવાનું નક્કી કરીને બધા વિખેરાયા. દલપતભાઈ આરામથી સૂતા.

બીજા જ દિવસે નાસિર અને એઝાઝ પડાણાથી નજીકની સોસાયટીમાં રહેતા એમના અધ્યાપક નરેનભાઈના ઘેર ગયા અને દલપતભાઈ માટે કન્યા શોધવાની વાત કરી. નરેનભાઈ જો કે દલપતભાઈને ઓળખતા હતા. એકાદ વખત પડાણા એમના હાથની દાલબાટી પણ ખાધેલી. એ પ્રામાણિક બ્રાહ્મણ છે એનો પણ એમને ખ્યાલ હતો એટલે એમણે તપાસ કરવાનું કહીને બંનેને વિદાય કર્યા. એ પછી એમણે તપાસ શરૂ કરી, ને એમને જાણવા મળ્યું કે, બાજુના રાણપરી ગામમાં એક બ્રાહ્મણ પરિવાર એમની યુવાન પણ ઓછું ભણેલી કન્યા માટે મુરતિયો શોધે છે.

નરેનભાઈ ગયા રાણપરી અને દલપતભાઈની વાત કરી. કન્યાનાં માતા-પિતા બીજા દિવસે પડાણા ગયા. ઉપર દર્શાવેલા મિત્રોએ એમનું સ્વાગત કર્યું. ચા-નાસ્તો મજહુભાઈના ઘેર બનાવડાવીને લાવ્યા. કન્યા અને વર બંને એકબીજાને પસંદ આવ્યાં એટલે બીજા મહિને ધંધુકાના રાજુભાઈ આચાર્યના હસ્તે લગ્નવિધિ પણ આટોપી લેવાઈ!

ફિલ્મની જેમ સડસડાટ ઘટનાઓ બનતી ગઈ ને દલપતભાઈ થાળે પડ્યા ખરા.

ચાર વર્ષ થયા લગ્નના પણ દલપતભાઈના ઘેર ઘોડિયું ન બંધાયું. જો કે બેમાંથી એકેયને એનો અફસોસ નહોતો. ઈશ્વર જે કરે છે એ સારા માટે જ કરે છે એમ માનીને એમણે મન મનાવ્યું.

જો કે એમનો સંસાર તો ચાલતો હતો સરસ પણ દુકાન સરસ નહોતી ચાલતી કેમ કે ધંધુકાના પડાણા તરફના છેડે હવે ઘણી નવી દુકાનો થતાં લોકો એ તરફ વળ્યા હતા. હવે દલપતભાઈને ઘર ચલાવવામાં પણ મુશ્કેલી પડતી હતી.

ફરી એક વખત પેલા મિત્રો એમના ઘેર આવ્યા. આ વખતે દલપતભાઈની પત્ની કમળાએ એમના માટે ચા બનાવી.

"દલપતભાઈ," એઝાઝ બોલ્યો, "હું જોઉં છું કે, અહીં તમારી દુકાને હવે કાગડા ઊડે છે. ઘરખર્ચમાં પણ તકલીફ પડતી હશે. તમે એક કામ કરશો?" "બોલને ભૈ," દલપતભાઈ બોલ્યા, "હું તૈયાર છું તું કહે એ કરવા."


"મારા એક સગા દાઉદભાઈ ભરૂચની પાસે મિયાંગામ કરજણમાં રહે છે. એમને તેલની ઘાણી છે ને સારી કમાણી છે. તમે કરજણ જાવ. ત્યાં દુકાન નાખો. હું દાઉદભાઈને ફોન કરીને બધી વાત કરી દઉં છું. પહેલા તમે એકલા જાવ, પછી સેટ થાવ ને મહિના પછી બહેનને લઈ જજો."

ત્રીજા જ દિવસે દલપતભાઈ કરજણ પહોંચી ગયા. દાઉદભાઈ એમની તેલની ઘાણી પર જ હતા. બળદ ફરતો હતો ને તેલ નીકળતું જતું હતું.

"આવો આવો દલપતભાઈ,'' દાઉદભાઈ ઊભા થઈને એમને ભેટી પડ્યા, "મને કાલે જ એઝાઝનો ફોન આવેલો. તમારા માટે બધી વ્યવસ્થા થઈ જશે, ત્યાં સુધી તમે મારા ઘેર જ રહો. મને તમારો ભાઈ જ માનજો."

દલપતભાઈ ગળગળા થઈ ગયા. સાવ અજાણ્યા ગામમાં, સાવ અજાણ્યો માણસ આટલું સન્માન આપે એ એમના માટે મોટી વાત હતી.

સાંજના દાઉદભાઈ એમને પોતાના ઘેર લઈ ગયા. એમનો રૂમ બતાવ્યો. બધા સાથે જમ્યા, ને દલપતભાઈ નિરાંતે સૂતા. બીજા દિવસે દાઉદભાઈ એમને લઈને ગાંજણા માતાના મંદિર પાસે ગયા. ત્યાં રોડ પર એક દુકાન ભાડે આપવાની હતી એનો એમને ખ્યાલ હતો એટલે દુકાનમાલિકને મળીને એમણે દુકાનનું નક્કી કરી નાખ્યું.



"દલપતભાઈ," દાઉદભાઈ બોલ્યા, "આપણે દુકાન તો રાખી લીધી, હવે વેચવા માટે સામાન પણ લેવો પડશે ને? તમે કેટલા પૈસા લાવ્યા છો?"

"અત્યારે તો વીસેક હજાર લાવ્યો છું," દલપતભાઈ બોલ્યા, "બીજી સગવડ અત્યારે થાય એમ નથી."

"ચિંતા ન કરો," દાઉદભાઈ બોલ્યા, "અત્યારે આપણે કરિયાણું હોલસેલમાંથી લઈ લઈએ. એ ભરવા માટે લાકડાના ઘોડા ને એવું બધું લઈ લઈએ. તમારા પૈસા આપજો, ને જેટલા ખૂટે, એટલા હું આપીશ પણ બે-ત્રણ દિવસમાં આપણે દુકાન શરૂ કરી દઈએ." એ જ દિવસે દાઉદભાઈ દલપતભાઈને લઈને માર્કેટમાં ગયા, તેલની ઘાણી ચલાવવાનું કામ એમણે એમના દીકરા રઝાકને સોંપ્યું ને માર્કેટમાંથી દલપતભાઈને કરિયાણું અપાવી દીધું, ને લાકડાના ઘોડા ને પાટલીઓ જેવું જરૂરી ફર્નિચર પણ અપાવી દીધું. દુકાનનું બોર્ડ પણ બનાવવા આપી દીધું ને બે-ત્રણ દિવસમાં બધું ગોઠવાઈ ગયું ને દુકાન ચાલુ પણ થઈ ગઈ!

એક મહિનામાં તો એમની દુકાન વ્યવસ્થિત ચાલવા લાગી, નફો પણ સારો થવા લાગ્યો એટલે એક સાંજે જમતી વખતે દલપતભાઈએ વાત શરૂ કરી. "દાઉદભાઈ," દલપતભાઈ બોલ્યા, "હવે દુકાન બરાબર ચાલે છે, તો હું મારી પત્નીને લઈ આવું પણ એ પહેલાં એક મકાન ભાડે રાખી લઈએ તો? દુકાનની નજીક હોય તો સારું."

બીજા જ દિવસે દાઉદભાઈએ એમને દુકાનની નજીક ગાંજણા માતાના મંદિરની પાસેની શેરીમાં એક મકાન પણ ભાડે અપાવી દીધું. મકાન સારું હતું ને માલિકને એ વેચવાનું હતું એટલે એમણે વ્યવસ્થિત કલર કરાવીને રાખેલું.

એ સાંજે દલપતભાઈ પડાણા જવા નીકળ્યા. મોડી રાત્રે એ પડાણા પહોંચ્યા ને કમળાને બધી વાત કરી.

બીજા દિવસે ફરી બધા મિત્રો એમની પાસે પહોંચી ગયા. દલપતભાઈએ એઝાઝનો આભાર માન્યો. હવે કરજણમાં જ સ્થાયી થવું છે એટલે આ મકાન હવે કાઢી નાખીને કરજણમાં જ મકાન લઈ લેવાની વાત એમણે કરી. ગ્રાહક પણ મળી ગયો, ને એમનું મકાન પણ વેચાઈ ગયું ને એ પણ સારી એવી રકમમાં. બધા મિત્રોને મળીને , ઘરનો સામાન મિની ટ્રકમાં ભરીને કમળાને લઈને, પડાણાને છેલ્લા રામ રામ કરીને એ ત્યાંથી નીકળીને કરજણ પહોંચી ગયા.

એ સાંજે એમણે દાઉદભાઈને ત્યાં ભોજન લીધું. દાઉદભાઈ, એમની પત્ની ને દીકરો રઝાક ખુશ થઈ ગયાં.

"દાઉદભાઈ," દલપતભાઈ બોલ્યા, "તમે ખરેખર મારા સગા ભાઈ જ છો એવું લાગે છે. સાવ અજાણ્યા ગામમાં તમે મને પોતાનો બનાવી દીધો ને મારા માટે આટલું કર્યું. "

"લેણદેણની વાત છે દલપતભાઈ," દાઉદભાઈ બોલ્યા, "બોલો, હવે શું કાર્યક્રમ છે?"

"મેં પડાણાનું મકાન વેચી દીધું છે, ને સારી એવી રકમ આવી છે," દલપતભાઈ બોલ્યા, "તો જે મકાન આપણે ભાડે રાખ્યું છે એ ખરીદી લઈએ તો?"

**મને ખબર છે કે, હજ પોતાના પૈસાથી જ કરાય પણ હું તમારો પોતાનો જ છું, તમને સગા ભાઈ જ માનું છું. હું તમને દોઢ લાખ રૂપિયા આપું છું એ ભાઈ તરીકે જ આપું છું, ઊછીના નહીં કે મદદ નહીં પણ કુટુંબી તરીકે જ. તમે એ સ્વીકારો ને હજ કરી આવો**

બીજા જ દિવસે દાઉદભાઈ દલપતભાઈની સાથે ગયા ને મકાનનો સોદો નક્કી કરી નાખ્યો. પડાણાના જે પૈસા આવ્યા, એ જ પૈસામાં એમને આ મકાન મળી ગયું!

કમળાએ નવા ઘરમાં બધો સામાન વ્યવસ્થિત ગોઠવી દીધો ને એ દિવસે દાઉદભાઈનાં ઘરના સૌને જમવા બોલાવ્યા. એ દરમ્યાન રઝાક ગ્રેજ્યુએટ પણ થઈ ગયેલો, ને એનું એલ.એલ.બી.નું ભણવાનું પણ શરૂ થઈ ગયેલું. દાઉદભાઈનો બળદ મરી ગયો, એટલે એમણે ઘાણી ચલાવવા મોટર મુકાવી દીધી.

બીજા વર્ષે કમળાએ સારા સમાચાર આપ્યા. દલપતભાઈએ હોસ્પિટલમાં તપાસ કરાવી, તો ખરેખર કમળા માતા બનવાની હતી! દાઉદભાઈનું ઘર પણ દલપતભાઈના ઘર જેટલું જ ખુશ થઈ ગયું. સમય પસાર થતો ગયો. દલપતભાઈ હવે કમળાની સંભાળ રાખતા. કામ માટે કામવાળી ગોઠવી દીધી.

આઠમા મહિને અચાનક કમળાને પેટમાં દુખાવો ઉપડ્યો. દલપતભાઈ ૧૦૮ બોલાવીને કમળાને હોસ્પિટલ લઈ ગયા, ને એમણે દાઉદભાઈને ફોન કર્યો, ને પંદર મિનિટમાં જ દાઉદભાઈ ને એમની પત્ની હોસ્પિટલ આવી ગયાં.

અડધી રાત સુધી ડૉક્ટરો મથતા રહ્યા, પણ કેસ એવો કોમ્પ્લિકેટેડ બની ગયો હતો કે, વહેલી પરોઢે કમળા અવસાન પામી! દલપતભાઈ ધડાઈ ગયા. દાઉદભાઈએ એમને સાંત્વના આપી. ગામમાંથી થોડા બ્રાહ્મણોને બોલાવીને કમળાની અંતિમ વિધિ પતાવી. એ પછી દલપતભાઈ હિંમત હારી ગયા હતા પણ દાઉદભાઈના સહારાથી એ ટકી રહ્યા. દુકાન ધમધોકાર ચાલતી હતી એટલે દિવસ એમાં જ પસાર થઈ જતો હતો. એમણે એ દુકાન પણ ખરીદી લીધી. ચારેક વરસમાં એમની પાસે સારી એવી મૂડી ભેગી થઈ ગઈ. એ વખતે દાઉદભાઈની ઈચ્છા પત્નીને લઈને હજ કરવા જવાની હતી પણ એમાં દોઢ લાખ રૂપિયા ખૂટતા હતા. "દાઉદભાઈ," દલપતભાઈએ એમને કહ્યું, "મને ખબર છે કે, હજ પોતાના પૈસાથી જ કરાય પણ હું તમારો પોતાનો જ છું, તમને સગા ભાઈ જ માનું છું. હું તમને દોઢ લાખ રૂપિયા આપું છું એ ભાઈ તરીકે જ આપું છું, ઊછીના નહીં કે મદદ નહીં પણ કુટુંબી તરીકે જ. તમે એ સ્વીકારો ને હજ કરી આવો. જરૂર લાગે તો અલ્લામિયાં પાસે માફી માગી લેજો પણ તમારી ઈચ્છા પૂરી કરો."

દલપતભાઈએ ખિસ્સામાંથી દોઢ લાખ રૂપિયા એમને આપ્યા, ને બીજા અઠવાડિયે દાઉદભાઈ પત્ની સાથે હજ માટે ઉપડી ગયા.

હજ પણ પતી ગઈ, ને ફરી ધંધાની શરૂઆત દાઉદભાઈએ કરી દીધી. રઝાક પણ એલ.એલ.બી. થઈ ગયો.

ફિલ્મમાં કે વાર્તાઓમાં બને છે એમ દલપતભાઈનું જીવન ઝડપભેર ચાલતું રહ્યું. હવે એમની ઉંમર દેખાતી હતી. પૈસા ભેગા થતા જતા હતા ને દલપતભાઈ બેન્કમાં ખડક્યે રાખતા હતા. એક નોકર શરૂઆતમાં રાખેલો, એના બદલે હવે બે નોકરો રાખવા પડ્યા.

દાઉદભાઈનો ધંધો સારો ચાલતો હતો પણ હવે પહેલા જેવો નહોતો ચાલતો. જો કે, એમને ઘરખર્ચ મળી રહે ને થોડી ઘણી બચત થાય એટલું મળતું ને એટલામાં પણ એ ખુશ હતા.

લગભગ પાંચ વરસ પછી દલપતભાઈની તબિયત અસ્વસ્થ રહેવા લાગી. એમને લાગ્યું કે, હવે લાંબું ખેંચાશે નહીં. પૈસાનું શું કરવું એ એમને તત્કાળ તો સૂઝ્યું નહીં. બહુ વિચાર્યા પછી એમણે એક વકીલને બોલાવ્યો ને વીલ બનાવ્યું. સાક્ષી તરીકે રઝાકને રાખ્યો.

"કાકા," રઝાકે કહ્યું, "તમારે વીલ બનાવવાની શી જરૂર છે અત્યારે? તમે હજી ઘણું લાંબુ જીવવાના છો."

"જીવવાનું કે મરવાનું આપણા હાથમાં થોડું છે બેટા?" દલપતભાઈ બોલ્યા, "આ તો મનની શાંતિ માટે વીલ બનાવ્યું છે, બીજું કૈં નથી."

વકીલે વીલને સીલ કર્યું ને એક સીલબંધ કોપી રઝાકને પણ આપી. બે વરસ પછી એક બપોરે દલપતભાઈ દુકાનમાં ગાદીતકિયા પર જ ઢળી પડ્યા. નોકરને સમજાયું નહીં કે, શેઠને શું થઈ ગયું છે. એણે દાઉદભાઈને ફોન કર્યો ને દાઉદભાઈ રઝાકને લઈને તરત જ પહોંચી ગયા દુકાને. એમણે એમ્બ્યુલન્સ બોલાવીને દલપતભાઈને હોસ્પિટલ પહોંચાડ્યા પણ ડોક્ટરોએ એમને મૃત જાહેર કર્યા, એટલે એક ટેક્સીમાં એમને એમના ઘેર લઈ ગયા. ત્યાં થોડા બ્રાહ્મણોને બોલાવીને દલપતભાઈની અંતિમ વિધિ પતાવી. એક અઠવાડિયા પછી રઝાકે દલપતભાઈનું વીલવાળું કવર હાથમાં લીધું. દાઉદભાઈને પાસે બેસાડીને એણે વકીલને પણ બોલાવી લીધા ને કવર ખોલ્યું. "મારી તમામ મિલકત, મારું ઘર, મારી દુકાન, મારી ફિક્સની રકમ ને બેન્કમાં જે રકમ છે તે સહિતની મારી તમામ મિલકત હું રાજીખુશીથી મારી સેવા બદલ દાઉદભાઈના દીકરા રઝાકને અર્પણ કરું છું." લખાણ વાંચીને દાઉદભાઈની આંખમાંથી આંસુ સરી પડ્યાં. બે-ત્રણ દિવસ પછી એમણે તપાસ કરી - નવ લાખ રૂપિયાની ફિક્સ હતી, બે લાખ રૂપિયા બેન્કમાં હતા, દુકાનમાં પચાસેક હજાર હતા, દુકાનની કિંમત વીસેક લાખ ને મકાનની કિંમત ત્રીસેક લાખ થવા જતી હતી!

દાઉદભાઈ, એમની પત્ની અને રઝાક તો આ બધું જોઈને સ્તબ્ધ થઈ ગયાં, ત્યારે કરજણમાં નવરાત્રિની ગરબીઓ શરૂ થઈ હતી!

(શીર્ષકપંક્તિ : ઉદય ગોર)